# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

**************************************************

1) સંસદના બન્ને ગૃહની કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી સ્થગિત.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનના અમૃત ઉદ્યાનમાં ઉદ્યમ ઉત્સવમાં ઉપસ્થિત રહેશે.

3) જમ્મુમાં 12 સ્થળ પર પ્રતિબંધિત આતંકી સંગઠનો સામે N.I.A.ની તપાસ.

4) છત્તીસગઢમાં સુરક્ષા દળ અને માઓવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં બે માઓવાદી ઠાર.

5) ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે નોંધણી પ્રક્રિયા આજથી શરૂ.

6) સ્વિસ ઑપન બેડમિન્ટનમાં આજે અનેક ભારતીય ખેલાડી સ્વિત્ઝર્લૅન્ડના બેસલમાં પોતાની પ્રિ-ક્વાર્ટર ફાઈનલ મૅચ રમશે.

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARLIAMENT ADJOURNED

સંસદના બંને ગૃહનો કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. લોકસભા અને વિધાનસભા મતવિસ્તારોના પ્રસ્તાવિત સીમાંકનના વિરોધમાં દ્રવિડ મૂનેત્ર કઝગમ-DMK સાંસદોના ટી-શર્ટ પહેરેલા પોશાક સામે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ વાંધો ઉઠાવ્યો અને લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરાઇ હતી. અગાઉ, જ્યારે લોકસભાની કાર્યવાહી શરૂ થઈ, ત્યારે શ્રી બિરલાએ જણાવ્યું હતું કે ગૃહ નિયમો મુજબ ચાલશે. તેમણે કહ્યું કે કેટલાક સભ્યો ગૃહના નિયમો અને ગરિમાને નબળી પાડી રહ્યા છે અને તેઓ નિયમોનું ઉલ્લંઘન થવા દેશે નહીં. રાજ્યસભાની કાર્યવાહી પણ શરૂ થયાની થોડી મિનિટો પછી સ્થગિત કરવામાં આવી હતી. સભાપતિ જગદીપ ધનખડે ગૃહમાં જાહેરાત કરી કે તેઓ ગૃહના વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સાથે બેઠક કરશે.

# MORN.-PREZ-UDYAM-UTSAV

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનના અમૃત ઉદ્યાનમાં ઉદ્યમ ઉત્સવમાં ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમનું આયોજન સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ- MSME મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે. ઉદ્યમ ઉત્સવ દેશના જીવંત વારસાને નાગરિકોની નજીક લાવીને MSMEને સશક્ત બનાવવા અને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે. તે આ મહિનાની 30મી તારીખે સમાપ્ત થશે.

# JAISHANKAR CII

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે નવી દિલ્હીમાં 10મા C.I.I. સંમેલનને સંબોધિત કરતાં કહ્યું, વિશ્વ અર્થવ્યવસ્થાઓના મોરચે પડકારોનો સામનો કરી રહ્યું છે. ઔષધીય બનાવટો અને રસીના ક્ષેત્રમાં ભારતની મોટી ભૂમિકા રહી છે.

શ્રી જયશંકરે કહ્યું, દેશમાં વિશ્વાસપાત્ર અને મજબૂત પૂરવઠા શ્રેણીને સ્થાપિત કરે છે. દરિયાઈ સુરક્ષાના કારણે આ પૂરવઠા શ્રેણીને અસર થતી હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

# PM INTERNSHIP SCHEME

કૉર્પોરેટ બાબતોના મંત્રાલયે પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના માટે બીજા ઑપન હાઉસનું આયોજન કર્યું છે, જેથી યોજનાની પાત્રતા ધરાવતા ઉમેદવારોને સામેલ કરી શકાય. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, આ પહેલ આવેદન દરમિયાન ઉમેદવારોના પ્રશ્નો અને ચિંતાઓને દૂર કરવા મંત્રાલયની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. મંત્રાલય દર અઠવાડિયે આ ઑપન હાઉસ યોજવાનું પણ આયોજન કરી રહ્યું છે, જેનાથી ઉમેદવારોને અનેક સવાલોનો ઝડપથી જવાબ મળી શકે.

# JK NIA

N.I.A. એટલે કે, રાષ્ટ્રીય તપાસ સંસ્થાએ જમ્મુમાં 12 સ્થળ પર તપાસ હાથ ધરી છે. લશ્કર એ તૈયબા અને જૈશ- એ- મોહમ્મદ જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોની નવી શાખાઓ અને તેમના સાથીઓના ઘરે N.I.A. દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

આ કાર્યવાહી અંતર્ગત આ સંગઠનોના સમર્થકો અને કાર્યકર્તાઓના પરિસરોની પણ તપાસ કરવામાં આવી. દરમિયાન N.I.A. એ આતંકવાદીઓ પાસેથી વાંધાજનક માલસામાન પણ કબજે કર્યો હતો.

# CHHATTISGARH ENCOUNTER

છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં સુરક્ષા દળ અને માઓવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં બે માઓવાદી ઠાર મરાયા છે. આ અથડામણમાં પોલીસકર્મીઓ પણ શહીદ થયા છે. મળતી માહિતી મુજબ, સુરક્ષા દળોની એક સંયુક્ત ટુકડીએ બિજાપુર અને દંતેવાડા જિલ્લાની સરહદ પર જંગલમાં નક્સલ વિરોધી અભિયાન હાથ ધર્યું હતું. દરમિયાન ગંગાલૂર વિસ્તારમાં સુરક્ષા દળ અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી.

સુરક્ષા દળોએ ઘટનાસ્થળે ઠાર મરાયેલા બંને નક્સલીઓના મૃતદેહ કબજે કર્યા છે. આ સાથે જ મોટી સંખ્યામાં હથિયાર અને દારૂગોળો પણ જપ્ત કર્યો છે. હજી પણ આ વિસ્તારમાં તપાસ અભિયાન યથાવત્ છે.

# AFMS NIMHANS

સશસ્ત્ર સેના આરોગ્ય સેવા- A.F.M.S. અને રાષ્ટ્રીય માનસિક આરોગ્ય તથા જ્ઞાનતંતુ વિજ્ઞાન સંસ્થા- નિમહંસ વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા છે, જે સૈન્ય કર્મચારીઓ અને તેમના પરિવાર માટે સંશોધન, તાલીમ અને વિશેષ માનસિક આરોગ્ય સહાય પર સહકાર આપવા માટે હશે.

એક સમારોહમાં સશસ્ત્ર સેના આરોગ્ય સેવાના મહાનિદેશક સર્જન વાઈસ એડમિરલ આરતી સરિન અને નિમહંસનાં નિદેશક ડૉક્ટર પ્રતિમા મૂર્તિએ આ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા. A.F.M.S. અને નિમહંસ વચ્ચે સહકાર માનસિક આરોગ્ય સેવાઓને મજબૂત કરવાનો, આરોગ્યકર્મીઓ માટે વિશેષ તાલીમનું આયોજન કરવું અને સૈનિકો, નાવિકો, વાયુસૈનિકો અને તેમના પરિવારો તેમજ આશ્રિતો સામે આવતા માનસિક આરોગ્ય સમસ્યાઓના સમાધાન માટે અભિનવ કાર્યક્રમ વિકસિત કરવા પર આ સમજૂતી કેન્દ્રિત રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NAVROZ

પારસી નવા વર્ષના તહેવાર નવરોઝની આજે ઉજવણી થઈ રહી છે. શાંતિ અને સમૃદ્ધિના પ્રતીક એવો આ તહેવાર પારસી સમુદાયનો સૌથી મુખ્ય તહેવાર છે. ઉત્સવો સિવાય નવરોઝ પસ્તાવાનો દિવસ પણ છે. આ દિવસ મનને શુદ્ધ કરવા અને પ્રેમ તથા શાંતિની સાથે નવું વર્ષ શરૂ કરવા સમર્પિત છે. આ પ્રસંગે પારસી સમુદાયના લોકો પરંપરાગત વસ્ત્રો ધારણ કરે છે અને અગ્નિ મંદિર જાય છે, જેને 'અગિયારી'ના નામે પણ ઓળખવામાં આવે છે.

પારસી સમુદાય આ તહેવારને એકબીજાને મળવા તેમ જ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લેવાના પ્રસંગ તરીકે ઉજવે છે.

# PM - NAVROZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પારસી સમુદાયના નવા વર્ષ, નવરોઝ નિમિત્તે લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, આ વિશેષ દિવસ દરેક માટે આનંદ, સમૃદ્ધિ અને સારું આરોગ્ય લાવે. તેમણે એવી પણ શુભેચ્છા પાઠવી કે, આવનારું વર્ષ સફળતા અને પ્રગતિથી ભરેલું રહે અને સદભાવનાના બંધન વધુ મજબૂત બને.

# UTTARAKHAND--CHAR-DHAM-YATRA

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે નોંધણી પ્રક્રિયા આજથી શરૂ થઈ રહી છે. આ વર્ષે નોંધણી આધાર કાર્ડ દ્વારા પ્રમાણિત કરાશે. દરમિયાન ભક્તોએ પોતાના આધાર કાર્ડની વિગત આપવાની રહેશે.

યાત્રાળુઓની સુવિધાને ધ્યાને રાખી કુલ નોંધણીઓમાંથી, 60 ટકા ઑનલાઈન અને 40 ટકા ઑફલાઈન થશે. આ પ્રક્રિયાને સરળ બનાવવા હરિદ્વાર અને ઋષિકેશ સહિતના પ્રવાસ માર્ગ પર નોંધણી કેન્દ્રની સંખ્યા વધારાશે. યાત્રાળુઓ REGISTRATIONANDTOURISTCARE.UK.GOV.IN પર ઑનલાઈન નોંધણી કરાવી શકે છે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે, પ્રવાસન વિભાગે આ વર્ષે યાત્રાના 40 દિવસ પહેલા ઓનલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

# US PRESIDENT-UKRANE

અમેરિકાએ કહ્યું, યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કી રશિયા સામેના યુદ્ધમાં આંશિક યુદ્ધવિરામ માટે સંમત થયા છે, જેની ચર્ચા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિન વચ્ચે થઈ હતી.

વ્હાઇટ હાઉસે ગઈકાલે રાત્રે જણાવ્યું કે, રાષ્ટ્ર મુખ ટ્રમ્પે શ્રી ઝેલેન્સ્કીને શ્રી પુતિન સાથેની તેમની વાતચીત વિશે ફોન પર માહિતી આપી હતી, જે દરમિયાન મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

# SWISS OPEN BADMINTON

સ્વિસ ઓપન બેડમિન્ટનમાં આજે અનેક ભારતીય ખેલાડી સ્વિત્ઝર્લેન્ડના બેસલમાં પોતાની પ્રિ-ક્વાર્ટર ફાઈનલ મેચ રમશે. મહિલા ડબલ્સમાં ભારતનાં ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી જર્મનીની સેલિન હબ્સચ તથા એમિલી લેહમેનની જોડી સામે રમશે. આ મેચ સાંજે પાંચ વાગીને 50 મિનિટે રમાશે. આ પહેલા તેમણે ગઈકાલે પહેલા તબક્કામાં એલાઈન મુલર અને કેલી વેન બ્યૂટેનની જોડી સામે સરળ જીત મેળવી હતી.

પુરુષ સિંગલ્સમાં પ્રિયાંશુ રાજાવત સાંજે પાંચ વાગ્યાને 40 મિનિટે ફ્રાન્સના ટોમા જૂનિયર પોપોવ સામે રમશે. જ્યારે કિદામ્બી શ્રીકાન્ત સાંજે છ વાગીને 20 મિનિટે ચીનના લી શિફેન્ગ સામે રમશે. કિદામ્બીએ ગઈકાલે એચ. એસ. પ્રણયને મેચમાં 23–21, 23–21થી હરાવ્યું હતું. આ ઉપરાંત શંકર સુબ્રમણ્યન સાંજે છ વાગ્યાને 50 મિનિટે એન્ડર્સ એન્ટોનસેન સામે રમશે. તેમણે ડેન્માર્કના મેગ્નસ જોહાનસનને 21–05, 21–16થી હરાવ્યા હતા.

પુરુષ ડબલ્સમાં ભારતના સતીષ કરૂણાકરણ અને આદ્યા વરિયાથની જોડી ચીનના ઝેંગ યૂ અને કાઈ લિયૂની જોડી સામે રમશે. જ્યારે મહિલા સિંગલ્સમાં ઈશારાની બરૂઆ ચીનનાં હાન કિયાનક્સી સામે રમશે.

# INDIA BEACH SOCCER

AFC બીચ સોકર એશિયન કપ 2025 ફૂટબોલમાં, ભારત આજે સાંજે થાઇલેન્ડ સામે રમશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યાથી થાઇલેન્ડના પટાયામાં રમાશે. ભારત 18 વર્ષ પછી બીચ સોકર સ્પર્ધામાં ભાગ લઈ રહ્યું છે. ટીમના મુખ્ય કોચ મોહમ્મદ ફૈઝલ બિન સૂદે લગભગ બે દાયકા પછી ભારતની સ્પર્ધામાં વાપસી પર કહ્યું કે ટીમનું ધ્યાન રક્ષણાત્મક સંગઠનને મજબૂત બનાવવા પર છે.